ક્રિ.પ.અ.નં.૧૧૯૭/૨૦૧૯.

અરજદાર : પ્રેમચંદ કેદારનાથ વિશ્વકર્મા.

વિરુધ્ધ

સામાવાળા : રજીસ્ટ્રારશ્રી, જન્મ–મરણ ખાતું,

અ.મ્યુ.કો.,અમદાવાદ.

આંક–૧ નીચે હુકમ

૧) અરજદારે હાલની અરજી જન્મ–મરણ નોંધણી અધિનિયમની કલમ–૧૩(૩) હેઠળ પોતાના પુત્રની જન્મની નોંધ કરાવવા માટે દાખલ કરેલ છે. અરજદારે અરજીમાં એવી હકીકતો જણાવેલ છે કે, તેમના પુત્રનો જન્મ તા.૨૬–૮–૨૦૦૦ ના રોજ થયેલ છે અને જે તે વખતે શરતચુકથી તેમના પુત્રની જન્મ– મરણ નોંધણી અન્વયે નોંધ કરાવવાની રહી ગયેલ છે જેથી હાલ નોંધ કરાવવા માટે આ અરજી આપેલી છે. અરજદારે અરજીમાં તેમના પુત્રની જન્મની નીચે મુજબની વિગતો આપેલ છે.

જન્મનારનું નામ–કુંદન.

જન્મતારીખ–૨૬–૮–૨૦૦૦.

પિતાનું નામ–પ્રેમચંદ કેદારનાથ વિશ્વકર્મા.

માતાનું નામ–પ્રતિભાદેવી.

જન્મસ્થળ–૪, ક્રિષ્નાપાર્ક સોસાયટી, આસોપાલવ સોસાયટી પાસે, વટવા, અમદાવાદ

૨) ઉપરોકત મુજબની વિગતો હોઈ અને જે તે વખતે જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોઈ તેથી સામાવાળા અરજદારના પુત્રની જન્મની નોંધ કરી જન્મનો દાખલો કાઢી આપે તેવી દાદ માંગેલ છે.

૩) આ અરજી દાખલ થતાં અરજી રજીસ્ટરે નોંધવામાં આવેલ છે અને કામ અરજદારના પુરાવા માટે રાખવામાં આવેલ છે. અરજદારે પોતાની અરજીના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

**મૌખિક પુરાવા.**

૧...અરજદારની સરતપાસની એફીડેવીટ, આંક–૫.

૨...પ્રતિભાદેવી પ્રેમચંદ વિશ્વકર્માની સરતપાસની એફીડેવીટ, આંક–૬.

૩...શ્રીવાસ પ્રિયા રાકેશની સરતપાસની એફીડેવીટ, આંક–૭.

૪...ચંદન પ્રેમચંદ વિશ્વકર્માની સરતપાસની એફીડેવીટ, આંક–૮.

**દસ્તાવેજી પુરાવા**

૧...અપ્રાપ્ય પ્રમાણપત્ર, નિ.–૩/૧.

૨...જી.આર.ની નકલ, આંક–૯.

૪) આ અરજી ઈન્કવાયરી સ્વરુપની હોઈ જેથી અરજદારે જે સરતપાસનું સોગંદનામું આપેલ છે તે પણ સી.આર.પી.સી.કલમ–૨૯૬ હેઠળ ગ્રાહય હોઈ જેથી તેને ધ્યાને લેવામાં આવેલ છે.

૫) આ કામે અરજદારના રજુ થયેલા પુરાવા જોતાં અરજદારના પુત્રની જે તે વખતે જન્મની નોંધ થયેલ ન હોવાનું જણાય છે. અરજદારના પુરાવા જોતાં અરજદારના પુત્રનો જન્મ તા.૨૬–૮–૨૦૦૦ ના રોજ થયેલ હોય તેવું જણાય છે તે સંજોગોમાં આ અરજી મંજુર કરવાપાત્ર જણાય છે જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

અરજી આથી મંજુર કરવામાં આવે છે.

આ કામના સામાવાળાને એવો આદેશ કરવામાં આવે છે કે, અરજદારના પુત્રની નીચે મુજબની વિગતો નોંધી જરુર લેઈટ ફી લઈ જન્મની નોંધ કરી જન્મનો દાખલો કાઢી આપવો, તેવો હુકમ ફરમાવું છું.

જન્મનારનું નામ–કુંદન.

જન્મતારીખ–૨૬–૮–૨૦૦૦.

પિતાનું નામ–પ્રેમચંદ કેદારનાથ વિશ્વકર્મા.

માતાનું નામ–પ્રતિભાદેવી.

જન્મસ્થળ–૪, ક્રિષ્નાપાર્ક સોસાયટી, આસોપાલવ સોસાયટી પાસે, વટવા, અમદાવાદ

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તા.૮–૪–૨૦૧૯.
અમદાવાદ.

(એ.એ.વાયડા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૬, અમદાવાદ.
જીજે ૦૦૯૮૬